પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

એન્જિનિયરીંગ વિભાગ
"ઈ"-ટેન્ડર નોટીસ - રોડ સરફેસીંગમાં સુધારો

ઈ-ટેન્ડર નોટીસ નં. DRM BRC 112 2023-24. ભારતના રાષ્ટ્રપતિ વતી અને માટે ડિવિઝનલ રેલવે મેનેજર (ડબલ્યુએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004 નીચેના કાર્ય માટે ઈ- ટેન્ડર્સ આમંત્રિત કરે છે. **ક્ર. સં. 01 ટેન્ડર નં. અને કામનું નામ : DRM BRC 112 of 2023-24.** વડોદરા ડિવિઝન : એડીઈએન-નડિયાદ (એનડી-એમડીએસએ-51 નંગ, એએનએનડી-જીઈઆર-11 નંગ)ની અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ લેવલ ક્રોસિંગ્સના રોડ સરફેસિંગમાં સુધારો. **કામની અંદાજિત પડતર (₹ માં):** 2,00,66,963.19 **જમા કરાવવાની બીડ સિકયોરીટી (₹ માં) :** 2,50,300.00 **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ટેન્ડર 24.01.2024 ના 15.00 કલાક પહેલાં સુધી જમા કરાવવાના રહેશે અને તે એ જ દિવસે 15.30 કલાકે ખોલવામાં આવશે. **વેબસાઈટની વિગતો અને નોટિસનું સ્થળ જ્યાંથી સંપૂર્ણ માહિતી જોઈ શકાય અને કચેરીનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે: વેબસાઈટ @ www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (ડબલ્યુએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4. **W/623/NIT of 2023-24 dated 02.01.2024** 286

અમને લાઈક કરો: facebook.com/WesternRly

◆ એપ્રેન્ટીસ જોઈએ છે ◆

જોબ ટાઈટલ : ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિકલ કેમિકલ પ્લાન્ટ (IMCP)
ક્વોલિફિકેશન : ITI (IMCP)
સેલેરી : સરકારશ્રીના નિયમ પ્રમાણે
કોન્ટેક્ટ : factory@prabhatchem.com
લોકેશન : પ્રભાત કેમિઓર્ગેનિક્સ લિમિટેડ,
પ્લોટ નંબર 2404, 2406, 2408, રોડ નંબર-24, સચિન GIDC, સુરત.
સમય (બપોરે) 2:00 થી 5:00

નોંધ : જોઈતા ડોક્યુમેન્ટ સાથે લઇને આવવા.

શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., બામણીયા.

તા. મહુવા, જી. સુરત - ૩૯૪૨૪૬

જાહેર સુચના

આથી મંડળીના તમામ સભાસદો તેમજ જાહેર જનતાને સુચના આપવામાં આવે છે કે, નીચે જણાવેલ સભાસદે તેમના અસલ શેર સર્ટીફિકેટ ખોવાય ગયેલ છે એમ જણાવી ડુપ્લીકેટ શેરની માંગણી કરેલ છે.

અ. નં.	સભાસદનું નામ	ગામ	તાલુકો	શેર સર્ટી. નં.	શેર નંગ
૧.	જશુબેન ધીરૂભાઈ પટેલ	સુરખાઈ	ચીખલી	૧૧૪૯૨	૧ (એક)
૨.	રણછોડભાઈ નેવાભાઈ નાયકા	બારતાડ	મહુવા	૧૭૯૦૦	૧ (એક)

ઉપરોક્ત શેર સર્ટીફિકેટ જેમને મળ્યા હોય તેમણે ઉપરના સરનામે દિન-૩૦ માં શેર જમા કરાવવા, અગર તો આ બાબતે જો કોઈ વાંધો-વિરોધ હોય તો જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખિતમાં જણાવવા વિનંતી. મુદત પુરી થયેથી શેર સર્ટીફિકેટની માંગણી કરનાર સભાસદને ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ આપવામાં આવશે. તે સામે કોઈનો પણ કોઈ જાતનો દર, દાવો, તકરાર કે વાંધો ચાલશે નહીં. જેની નોંધ લેવી.

તા. ૦૬/૦૧/૨૦૨૪ **મેનેજીંગ ડીરેક્ટર**

-: જાહેર નોટીસ :-

સુરત ડિસ્ટ્રીક્ટ સીટી સબ ડિસ્ટ્રીક્ટ હાલ મજુરાના મોજે : બમરોલી નાં રે. સર્વે નંબર : ૧૪૯/૨,૧૫૩ થી નોંધાયેલી જમીન ઉપર આયોજન કરવામાં આવેલ કર્મચોગી કો. ઓ. હાઉસીંગ સોસાયટી-૩" ના નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૧૬૭ વાળી મિલકત. જેની સાઈઝ ૧૨॥ ફુટ બાય ૩૭ ફુટ થાય છે. જેનો ક્યુ.ટેનામેન્ટ ૩૧એ- ૧૭-૧૬૬૧-૦-૦૦૧ છે તે મિલકત હરાચમ ભુરારામ પટેલ સદરહુ મિલકત સ્વતંત્ર અને સંપૂર્ણ માલીક તરીકે અને અગાઉના અગ્રહકકદારી મહેન્દ્રકુમાર બાલુભાઈ પંચાલ ના માલીકી પણાની કબજા રસીદ ગેરવલ્લે થયેલ હોવાનું જણાવેલ સહિત મજકુર મીલકત પ્રત્યક્ષ કબજા સહીત તેઓએ હમારા અસીલને વેચાણથી આપવા નક્કી કરેલ છે. તો મજકુર મીલકત અંગે કોઈને વાંધા તર-તકરાર હોય યા કોઈના લાગભાગ, હકક હિસ્સા હોય અગર કોઈ વ્યકિત, બેંક યા નાણાકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમો નીચે સહી કરનારને લેખીત પુરાવા સહિત જાણ કરવી. જો ઠરાવેલ મુદ્દતમાં કોઈના વાંધા આવશે નહી તો મજકુર મીલકત અંગે કોઈના કોઈપણ જાતના દરદાવા, હકક હિસ્સા નથી એમ માની મજકુર મીલકતની કબજા રસીદ હમારા અસીલ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર તકરાર ચાલશે નહી. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઠેકાણુ :- ૦૩, જય જવાન જય કિસાન નગર, બમરોલી રોડ, બમરોલી, સુરત-૩૯૪૨૧૦. મો.નં.૯૩૭૫૩ ૯૭૧૬૬
મારી મારફત
આનંદ ડી. આહિરે (એડવોકેટ)

વેચાણ અંગેની જાહેર નોટીસ

મોજે ગામ ગોજાના બ્લોક નં.૨૧ વાળી જમીન અંગે

સુરત ડિસ્ટ્રીકટ, તાલુકા ચોર્યાસી, મોજે ગામ ગોજાના રે. સર્વે નં.૧૬, બ્લોક નં.૨૧, જેનું ક્ષેત્રફળ સુમારે ૯૦૩૮.૦૦ ચો.મી. છે, તે ખેડખાતાની જુની શરતની ખેતીની જમીનના એકલા સ્વતંત્ર, સંપુર્ણ માલીક મુખત્યાર કબજેદાર સુશીલાબેન નરેન્દ્રભાઈ દેસાઈ, કમલકુમાર નરેન્દ્ર દેસાઈ, નિતિનકુમાર નરેન્દ્ર દેસાઈ, ઈન્દ્રવદન મોહનલાલ દેસાઈ, દિપક શંકરજી, પદમા દેસાઈ તે રમેશભાઈ ઉર્ફે બચુભાઈ દેસાઈના પત્નિ, મનોજ ગુલાબ, નીતા ગુલાબભાઈ તે પંકજરાય નાયકના પત્નિ, નિલમ ગુલાબભાઈ તે દિવ્યેશ નાયકના પત્નિ, રાકેશ દોલતરાય દેસાઈ તથા કિરણબેન દોલતભાઈ તે બિમલકુમાર વશીના પત્નિ ચાલી આવેલા હોવાનું તથા સદરહુ જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. આથી સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ જાતના ચાર્જ, બોજો, લીયન યા કોઈપણ જાતના હકક હિત, હિસ્સો, લાગભાગ યા ઈઝમેન્ટ રાઈટસ હોય તો તે અંગેના લેખિત પુરાવા આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૮ માં નીચે જણાવેલ ઠેકાણે રજુ કરવા, જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ જાતના હકકો નથી અને હોય તો તે જતા કર્યા છે તેવું ગણીને સદરહુ જમીનના લખાણો તથા રજી. વેચાણ દસ્તાવેજ અમારા અસીલ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ તર-તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા. ૦૯/૦૧/૨૦૨૪

ઠેકાણું : બી/૭૦૭-૭૦૮, તિરૂપતિ પ્લાઝા, ફેમિલી કોર્ટની સામે, નાનપુરા, સુરત.
મારી મારફત
ઝીણાભાઈ જી. પટેલ (એડવોકેટ)

જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીક્ટ ચોર્યાસી સબ ડિસ્ટ્રીક્ટ શહેર સુરતના વધારાના વિસ્તાર **ગોડાદરાના રે.સર્વે નં.૧૨૭, ૧૨૯, ૧૩૦ પૈકી ૧** વાળી જમીનમાં **પટેલ નગર સોસાયટી** આવેલ છે તે સોસાયટીના **પ્લોટ નં. ૮** ના માલિક અમારા અસીલ **સત્યપ્રકાશ મખનુરામ યાદવ મુળ રહે.: ૮ પટેલનગર ગોડાદરા, સુરત**ના છે. તેઓની તે પ્લોટની અગાઉના અગ્રહકકદારીઓ સહિત ૩ અસલ કબજા રસીદો પર્વત પાટીયાથી જતા-આવતા ગુમ થયેલ છે કે પડી ગયેલ છે કોઈને આ ૩ કબજા રસીદો મળી આવે તો અમારા અસલીને કે અમોને પરત આપવી અને તે કબજા રસીદોનો દૂરૂપયોગ કરવા નહી તેવુ જાહેર જનતાને જણાવવામાં આવે છે. **(તા. ૦૮/૦૧/૨૦૨૪)**

૮/૧૮-૧૯ કોટસફીલ રોડ, શ્યામકૃપા એપાર્ટમેન્ટ, લોઅર ગ્રાઉન્ડ, મઠ આગળ, મહેસાણા બેંક લાઈન, ગોપી તળાવ સામે, સુરત. ગુજરાત:૩૯૫૦૦૧ મો.નં.: ૯૮૨૫૬-૫૦૩૬૯, ૯૯૨૫૩-૫૦૩૬૯
કિરીટ એન. મશરૂવાલા
તે સત્યપ્રકાશ મખનુરામ યાદવના
એડવોકેટ

ટેન્ડર નોટીસ

Industrial Training Institute

આથી રસ ધરાવતી પાર્ટીઓને જણાવવામાં આવે છે કે સ્વ.ઈ.છો. દેસાઈ, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પારડી ખાતે વલસાડ જિલ્લાની ઔ.તા.સંસ્થાઓનો રો-મટિરિયલસનો ભંગાર(સ્ક્રેપ) જે સ્થિતિમાં જે લોટમાં છે ત્યાંથી બેવડી પદ્ધતિથી નિકાલ કરવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓને રજાના દિવસ સિવાય સવારના ૧૧:૦૦ થી ૧૬:૦૦ કલાક દરમ્યાન સંસ્થામાં આવી સ્ક્રેપનો લોટ તથા જથ્થો જોઈ શકશે તેમજ ૧૫૦૦/- (નોન રીફંડેબલ) ભરવાથી કોરા ટેન્ડર મળી શકશે. ભાવ ભરેલ ટેન્ડર શીલબંધ કવરમાં તા-૩૦/૦૧/૨૦૨૪ બપોરના ૧૦:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. હરાજી તા-૩૦/૦૧/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકથી શરૂ કરવામાં આવશે..ટેન્ડરની શરતો અને હરાજીની શરતો હરાજી વખતે રૂબરૂમાં આપવામાં આવશે. હરાજી માટે બાના(EMD)ની રકમ ૧૫,૦૦૦/- રાખવામાં આવેલ છે. બંધ ટેન્ડરમાં આવેલ ભાવ હરાજી બાદ ટેન્ડર ખોલી જાહેર કરવામાં આવશે. જાહેર હરાજીમાં સૌથી ઉંચી બોલીવાળા/ટેન્ડરમાં ભરેલ ભાવ પૈકી જે ભાવ વધારે હશે તે ભાવ સ્વીકારવામાં આવશે. હરાજી બંધ રાખવી તથા આ ટેન્ડર કે હરાજીના ભાવ સ્વીકારવા અંગે આખરી સત્તા સંસ્થાના આચાર્યશ્રીની રહેશે અને તે સર્વેને બંધનકર્તા રહેશે.

આચાર્ય વર્ગ-૦૧
નં. માહિતી/વલસાડ/૬૧૩/૨૦૨૪ **સ્વ.ઈ.છો.દેસાઈ ઔ.તા.સંસ્થા, પારડી**

Surat Municipal Corporation
Drainage Department

G20 FIT INDIA

e Tender (On line) invitation
Notice No. C.E./Drainage/21/2023-24.

Online tenders are invited on https://smctender.nprocure.com for the various works of drainage department, from the Government approved contractors of relevant class.

1	Name of the department	Drainage
2	No of the works	06
3	Total Estimated cost of Tender Rs. in Lacs	2655.48

The detail tender notice will be made available at above address and on website www.suratmunicipal.gov.in

No. P.R.O./580/2023-24 — City Engineer
Date 08-01-2024 — Surat Municipal Corporation

10મીએ ગાંધીનગરની સરકારી કચેરીઓ 10.30ને બદલે 12 વાગ્યે શરૂ થશે

ગાંધીનગરઃ ગાંધીનગર ખાતે પીએમ નરેન્દ્ર મોદી દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો આરંભ થવાનો છે, જેમાં વી.વી.આઈ.પી. ઓની સલામતીને ધ્યાનમાં રાખીને તા. ૧૦/૦૧/૨૦૨૪, બુધવારના રોજ ગાંધીનગર સ્થિત તમામ સરકારી કચેરીઓ શરૂ થવાનો સમય સવારે ૧૦.૩૦ના બદલે બપોરે ૧૨:૦૦ વાગ્યાનો રહેશે તેમ સામાન્ય વહીવટ વિભાગના અધિક સેક્રેટરી જવલંત ત્રિવેદીએ કહ્યું હતું.

ટાઈટલ કલીયરન્સ બાબત જાહેર નોટીસ

સુરતઃ ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડિસ્ટ્રીકટ, માજે ગામ વડાદનાં, રે. સર્વે નં.૧૪૪ પૈકી વાળી જમીનમાં ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા આયોજિત "પાંડેસરા ઈન્ડસ્ટ્રીયલ એરીયા/એસ્ટેટ" માં આવેલ પ્લોટ નં.૪૦૯ વાળી મિલકત, તેનાં માલિક મે. આકાશ ડાઈંગ એન્ડ પ્રીન્ટીંગ મીલ્સ વતી તેનાં ડિરેકટરએ તેઓની સંપૂર્ણ અને સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાનું હોવાનું જણાવી અમારા અસીલ બેંક કને લોન મેળવવા અરજી કરેલ છે અને અમો કને ટાઈટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરેલ છે. પરંતુ તેઓના જણાવ્યા મુજબ સદરહુ મિલકતના અગ્રહકકદારીનાં અસલ રજી.(ડુપ્લીકેટ)લીઝ ડીડ નં.૩૫૯૫, તા.૨૦.૦૯.૧૯૮૬ ગુમ યાને ગેરવલ્લે થઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાંમળી આવેલ નથી. માટે સદરહુ મિલકત બાબત યા ગુમ થયેલ અસલ દસ્તાવેજ બાબત કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે દર દાવો હોય યા કોઈના કબજા ભોગવટામાં હોય તો **દિવસ-૭** માં દસ્તાવેજી પુરાવા સહીત અમોને જાણ કરવી. મુદત વિત્યે કોઈનો હકક, હિત વીગેરે નથી યા તા જતા કરેલ છે તેમ માની અમારા અસીલ બેંક સદરહુ મીલકતનું ગીરોખત કરાવી લેશે અને તે રીતે સદરહુ મીલકત ઉપર અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ જાતની તરતકરાર ચાલશે નહી. જેની આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફીસ : ૪૦૨, સત્યમ કોમ્પલેક્ષ, મુદીતા મીઠાઈની સામે, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૧ ગુજરાત. મો.૯૮૨૫૨ ૯૭૧૦૦
નિશીથ કે. સુખડવાલા
એડવોકેટ

જીલ્લો નવસારી, તાલુકો જલાલપોરના મોજેગામ બોદાલીના નવો બ્લોક નં ૧૦૮૮, જૂનો બ્લોક નં ૧૨૮ વાળી જુનીશરતની ખેતીની જમીન સંબંધે વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત, તાલુકો નવસારીના મોજગામ બોદાલીના નવો બ્લોક નં ૧૦૮૮, જૂનો બ્લોક નં ૧૨૮ વાળી જુનીશરતની ખેતીની જમીન (૧) લીલાબેન દયાળભાઈ, (૨) રિતેશકુમાર મદનભાઈ પટેલ (૩) સુશીલાબેન મગનભાઈ મકન (૪) ચેતના મગનભાઈ મકન (૫) બેલા મગનભાઈ મકન (૬) રીના મગનભાઈ મકન (૭) ભાવિના મગનભાઈ મકનનાઓ પૈકી રીતેશકુમાર મદનભાઈ પટેલનો ચાલી આવેલ ૭૭૬૦ ચો.મી પણવહેંચાયેલ હકક, હિત હિસ્સો મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે છે અને ટુંક સમયમાં મારા અસીલ તેમની પાસેથી સદરહુ મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. તેમજ જમીન માલીકના તેમના પણવહેંચાયેલ હિસ્સાના વેચાણના વ્યવહાર સંબંધે કોઈને કોઈપણ જાતનો વાંધો હોય યા મજકુર જમીનમાં કોઈપણ જાતના હકક-હિત, સંબંધ યા લાગ-ભાગ હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭ માં તેમના તેવા વાંધા/હકક-હિત, સંબંધે કે લાગ-ભાગ અંગે પુરાવા સહિત અમોને લેખીતમાં જાણ કરવી. ઉપરોકત મુદતમાં જો કોઈ વાંધા ન આવે તો કોઈને મજકુર વ્યવહાર સંબંધે કોઈ વાંધો કે તકરાર નથી કે મિલકત સંબંધે કોઈ હકક-હિત નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ માની," મારા અસીલ કાયદેસરના લખાણો કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈ તકરાર ચાલશે નહીં, તેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

૪૫-૪૬, મોમાઈનગર, પુણાગામ, સુરત. મો. ૮૦૦૦૭૫૦૭૬૦
હિતેશ વી. ટોડિયા
તે ખરીદનારના એડવોકેટ

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, જી.સુરત, તા.પલસાણાના મોજે ગામ દસ્તાન ગ્રામપંચાયતના જલારામ સ્ટ્રીટ (હરિજનવાસ) માં આવેલ ઘર (મકાન) નંબર ૩૨૦ વાળી મિલકતના માલિક ધનસુખભાઈ અંબુભાઈ ઉમરિયાએ મજકુર મિલકત તેમની માલિકી, કબજા ભોગવટા, વહીવટ, વપરાશની ચાલી આવેલ છે તેમ જણાવી મજકુર મિલકત હમોની અસીલ બેંકને તારણમાં આપવાનું નક્કી કરેલ છે અને હમો કનેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મિલકત બાબતે કોઈ સરકારી, અર્ધસરકારી સંસ્થા, નાણાકીય સંસ્થા, રાષ્ટ્રીયકૃત કે સહકારી બેંક, ખાનગી વ્યક્તિ, વંશ વારસદાર કે અન્ય કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારે લાગભાગ, ભરણ પોષણ, હકક, અગ્રહકક, હિત-હિસ્સો કે લિયન, તારણ, ગીરો, બોજો, ઈકવીટેબલ ચાર્જ કે અન્ય કોઈપણ પ્રકારનું હિત, સાટાખત, કબજા કરાર કે અન્ય લખાણ કરેલ હોય તો તેઓએ તે અંગેના આધારભૂત દસ્તાવેજો સાથે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને નીચેના સરનામે રજી.એડી.પોસ્ટથી અથવા રૂબરૂમાં લેખિત જાણ કરી ખાતરી કરાવશો. સભળ ઉપરોકત મુદતમાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા નહી આવે તો સદરહુ મિલકતમાં તેના મજકુર માલિક સિવાય અન્ય કોઈપણ ઈસમનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, ટાઈટલ કે ઈન્ટ્રસ્ટ નથી અને હોય તો તે વેવ કરેલા યાને જતા કર્યા હોવાનું માની રજીસ્ટર્ડ મોર્ગેજ તથા ધિરાણની પ્રક્રિયા કરવામાં આવશે અને હમોની અસીલ બેંકનો પ્રથમ ચાર્જ ગણાશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી જેની ખાસ નોંધ લેવી.

ઓફીસ : એ-૧૬, ખોડીયારનગર સોસાયટી, અડાજણ ગામ, સુરત મો. ૯૯૭૯૯૪૪૪૨૧
હમારી મારફત, અંકુર એ. મોદી (એડવોકેટ)

ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ અંગેની જાહેર નોટીસ

ડિ.સુરત, સુરત સીટી(ચોર્યાસી) સબ-ડિ. શહેર સુરતનાં અઠવાલાઈન્સ વિસ્તારમાં આવેલ વોર્ડ અઠવાનાં નવા સીટી સર્વે નં. ૨૫૫૪/૧, ૨૫૫૪/૨, ૨૫૫૪/૩, ૨૫૫૪/૪, ટી.પી. સ્કીમ નં. ૫, ફા.પ્લોટ નં. ૨૭૨ વાળી જમીન ઉપર **હિરલ કો.ઓ.હા.સો.લી.** તરફથી બાંધવામાં આવેલ ***હિરલ આર્કેડ*** નાં નામે ઓળખાતી બહુમાળી ઈમારતનાં **બીજામાળ** પર આવેલ **ઓફિસ નંબર : એસ-૧૧** વાળી મિલકત કે જેનું ક્ષેત્ર. ૨૯૫ ચો.ફુટ યાને ૨૭.૪૨ ચો.મી. સુપર બીલ્ટઅપ એરીયા કે જેનો કારપેટ એરીયા ૧૭.૩૭ ચો.મી. અને ૨૦.૭૨૪ ચો.મી. બીલ્ટઅપ એરીયા વાળી મિલકત હાલનાં માલિક **સોનલ મદનલાલ શર્મા** ચાલી આવેલ છે. મજકુર મિલકતનાં **હાલના માલિકે(૧) હેમંત સી. તવરાવાળા અને (૨) પ્રિતી હેમંત તવરાવાળા પાસેથી રજી.વે.દ.થી** વેચાણ રાખેલી.**જે અંગેનો રજી.વે.દ.મહે.સુરતનાં સબ-રજી.સાહેબની કચેરી, સુરત સીટી-૧(અઠવા)માં અનુ.નં. ૨૦૭૧૦ થી તા. ૧૬-૧૦-૨૦૨૧ નાં રોજથી નોંધાયેલ છે. જે વે.દ.ની અસલ રજી.ફી ભર્યાની અંગેની અસલ રસીદ તથા મજકુર મિલકતનાં અગ્રહકકધારી (૧) હેમંત સી. તવરાવાળા અને (૨) પ્રિતી હેમંત તવરાવાળાએ સંજય બ્રીક્સ કાું એક ભાગીદારી પેઢી વતી તેના ભાગીદારો પાસેથી ખરીદ કરેલ.જે અંગેનો રજી.વે.દ.મહે.સુરતનાં સબ-રજી.સાહેબની કચેરી, સુરત સીટી-૧(અઠવા)માં અનુ.નં. ૫૫૬૮ થી તા.૧૭-૦૪-૨૦૧૦ નાં રોજથી નોંધાયેલ છે. જે વે.દ.ની અસલ રજી.ફી ભર્યાની અંગેની અસલ રસીદ ગેરવલ્લે યાને ગુમ થયેલ છે.** મજકુર મિલકતનાં હાલનાં માલિક બેંક લોન મેળવવા માંગતા હોઈ, મારી પાસે ટાઇટલ કલીયરન્સ સર્ટી.ની માગંણી કરેલ છે જેથી મજકુર મિલકતનાં ટાઇટલ બાબતે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન-૭ માં લેખિત દસ્તાવેજી પુરાવા સહિત અમારા નીચે જણાવેલ એડવોકેટશ્રીને સુપ્રત કરવા, મુદત વિત્યે કોઇનો કોઇપણ પ્રકારનો વાંધા નથી તેમ ગણી આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેથી નોંધ લેશો.

મારી મારફત :-
ઓફિસ:યુ-૧૨,હિરલ આર્કેડ, નવી ડિસ્ટ્રીકટ કોર્ટની સામે, અઠવાલાઇન્સ, સુરત. મો.નં. ૯૮૨૫૦ ૬૦૪૦૨
હરિશ આર.પટેલ
એડવોકેટ અને નોટરી

ટાઈટલ કલીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લો : સુરત, તાલુકો : મજુરા, **ગામ : સરસાણાના સર્વે નં.૨૯/૧, બ્લોક/સર્વે નં.૮૩** થી નોંધાયેલ બીનખેતીની જમીન કે જેનું ગામ નમુના નં.૭/૧૨ મુજબ **ક્ષેત્રફળ ૧૧૧૨ સ.ચો.મી.** વાળી જમીન તથા તેને લાગતાં વળગતાં અંદરના તેમજ બહારના તમામ હક્કો સહીતની જમીન **સુરેશભાઈ નરસિંહભાઈ ભગત**, રહેવાસી : ૫, ક્ષેત્રપાલ સોસાયટી, ગામ : ઉમરા, તાલુકો : મજુરા, જીલ્લો : સુરતનાની માલિકી, કબજા, ભોગવટા હેઠળ ચાલી આવેલ છે. જે જમીન તેઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૧૪૫/૨૦૧૫ થી વેચાણ રાખેલ છે. જેની નોંધ સદર જમીનના રેવન્યુ રેકર્ડ દફતરે તા.૦૬/૧૧/૨૦૧૫ ના રોજ નોંધ નં. ૧૮૪૭ થી પાડવામાં આવેલ. જે જમીન સુરેશભાઈ નરસિંહભાઈ ભગતે સદર જમીન ખેતીમાંથી બીનખેતીમાં તબદીલ કરાવેલ છે. જે બીનખેતીની જમીનના માલિક/કબજેદારો કનેથી હમારા અસીલે સદર જમીન ખરીદ કરવાનું નક્કી કર્યુ છે. ભવિષ્યમાં ખોટી તકરારને અવકાશ ન રહે એવા શુભ આશયથી આ જાહેર નોટીસથી તમામને તાકીદ કરવાની કે, સદર બીનખેતીની જમીનમાં જો કોઈ વ્યક્તિ, પેઢી, સંસ્થા કે બેંકનો કે અન્ય કોઈ ઈસમનો કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો, લાગ-ભાગ, દર-દાવો કે ઈઝમેન્ટના કે ખોરાકી-પોષાકીના હક્કો હોય તેમજ કોઈનો કોઈપણ પ્રકારનો સાટાખત, સોદાચિઠ્ઠી, કબજા કરાર કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો ચાલી આવેલ હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં દસ્તાવેજી આધાર પુરાવાઓ સહીત તેમના લેખિત વાંધાઓ હમો એડવોકેટશ્રીને નીચેના સરનામે પહોંચાડવા. જો નિયતસમય મર્યાદામાં કોઈના કોઈપણ પ્રકારના વાંધાઓ કે તર-તકરાર આવશે નહિં તો મુદત વિત્યે હમારા અસીલ સદર બીનખેતીની જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક દાવો કે તર-તકરાર નથી અને હોય તો તે વેવ યાને જતા કર્યા છે, એમ સમજી સદર બીનખેતીની જમીનના માલિક/કબજેદારોને વેચાણ અવેજની રકમ ચૂકતે ચૂકવી આપી શુધ્ધબુધ્ધિપૂર્વકના મિલકત ખરીદનાર હોવાનું માની તેઓ કનેથી હમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિં, જેની લાગતાં વળગતાં સૌએ નોંધ લેવી.

ઓ.૪૦૨, ચોથેમાળ,સુંદરમ પ્લસ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની સામે, અશ્વ્યુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત. મો.૯૯૨૪૨ ૦૭૭૦૮, ૯૯૦૯૨ ૮૪૭૦૫
સમીર જે.કાપડીયા
રિનેશ એમ.ખડાવાલા
તે ખરીદનારના એડવોકેટસ્

પાવર ઓફ એટર્ની રદ્ કર્યા અંગેની જાહેર નોટીસ

જત હમો નીચે સહી કરનાર **૧. અબ્દુલહે સુલેમાન વરાછીયા, ૨. ખલીલ સુલેમાન વરાછીયા, ૩. હસન સુલેમાન વરાછીયા, ૪. ફારૂક સુલેમાન વરાછીયા, ૫. મુસા સુલેમાન વરાછીયા,** તમામ રહેવાસી-કેનેડા, (વિદેશ) નાઓ આ જાહેર નોટીસથી જાહેર કરી જણાવવાનું કે,

હમારી સંયુક્ત માલિકીની ડિસ્ટ્રીકટ સુરતના સબ ડિસ્ટ્રીકટ પલસાણાના મોજે માખીંગા ગામે ચાલી આવેલ બ્લોક/સર્વે નં. ૨૦૭/એ, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૨-૯૩-૯૦ વાળી ખેતીની જમીન ચાલી આવેલ છે. સદરહું જમીનના વ્યવસ્થા, સંચાલન, નિકાલ વિગેરે કાર્યો કરવા હમોએ હમારા પાવરદાર તરીકે વસીમ શબ્બીર શેખ, રહેવાસી-બલેશ્વર, તા. પલસાણા, જી. સુરતનાઓને નિમેલ, જે પાવર ઓફ એટર્ની **ILYAS G.M. LUQMAN, NOTARY PUBLIC ONTARIO** (નોટરી પબ્લીક, ઓન્ટારીયોના ઈલ્યાસ જી.એમ. લુકમાન) રૂબરૂ તા. ૧૯-૧૧-૨૦૨૨ ના રોજ નોંધાયેલ, જે પાવર ઓફ એટર્નીમાં જણાવ્યા મુજબના કાર્યો કરવાની જવાબદારી હમારા પાવરદારને સોંપવામાં આવેલ તે જવાબદારી આથી પરત ખેંચવામાં આવે છે યાને કે વસીમ શબ્બીર શેખને આપેલ પાવર ઓફ એટર્ની આ જાહેર નોટીસથી રદ્ યાને રીવોક કરવામાં આવે છે અને તેઓએ પાવર આધારે કરેલ વ્યવહારો પણ રદ્ કરવામાં આવે છે, જેથી હવે પછી હમારા નામથી કે હમારા પાવરદાર તરીકે વસીમ શબ્બીર શેખ હમારી ઉપરોકત જણાવેલ જમીન અંગે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરી-કરાવી શકશે નહીં, તેમ છતાં સદર પાવર ઓફ એટર્ની આધારે તેવા કોઈપણ કાર્યો કરવા-કરાવવામાં આવશે તો તે આથી રદ્બાતલ ગણાશે અને મિલકતના કોઈ ટાઈટલ પ્રાપ્ત થશે નહીં, જે અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે વ્યક્તિ, સંસ્થા કે ઈસમની છે અને રહેશે અને તેની વિરૂધ્ધ દિવાની યા ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ: ૦૮-૦૧-૨૦૨૪
સ્થળ:

-:: ટાઈટલ ક્લીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, શહેર સુરતનાં મોજે : વેસુના રે.સ. નં. : ૩૮૦,૩૯૧, ૩૮૨, રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૪૨૪/૪ થી નોંધાયેલી જમીન કે જેનો ટી.પી.સ્કીમ નંબર : ૨ (વેસુ-ભરથાણા-વેસુ) માં સમાવેશ થતાં ફા. પ્લોટ નંબર : ૪૭ તે બીનખેતીની જમીન ઉપર આયોજીત **॥ રાજમહલ